# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના હેઠળ 2400 કરોડ રૂપિયાના પ્રોત્સાહનોનું વિતરણ કરશે.
2. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતે કહ્યું, જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અને અવિભાજ્ય અંગ છે - હંમેશા રહેશે.
3. ભારતનું LNG ટેન્કર 'દિશા' હોર્મુઝ સામુદ્રધુની પસાર કરી ગુજરાતના દહેજ બંદરે પહોંચ્યું.
4. રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થાએ રવિવારે યોજાનારી NEET-UG પુનઃપરીક્ષામાં બેસનારા ઉમેદવારો માટે સત્તાવાર WHATSAPP ચેનલ શરૂ કરી.
5. ફિફા વિશ્વકપમાં મેક્સિકો દક્ષિણ કોરિયાને હરાવી નોકઆઉટ રાઉન્ડમાં પહોંચ્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-VBRY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પીએમ વિકાસ ભારત રોજગાર યોજના હેઠળ બે હજાર ૪૦૦ કરોડ રૂપિયાના પ્રોત્સાહનોનું વિતરણ કરશે.

ઉલ્લેખનીય છે કે આ યોજનાથી દેશભરમાં 15 લાખ નોકરીઓનું સર્જન થયું છે. શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, ઓગસ્ટ 2025માં શરૂ થયેલી આ યોજના હેઠળ, ઔપચારિક કાર્યબળમાં 63 લાખથી વધુ કામદારો ઉમેરાયા છે, જેમાંથી લગભગ 30 ટકા મહિલાઓ છે.

# PREZ-WORLD-SICKLE-CELL-DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મધ્યપ્રદેશના ઓમકારેશ્વરમાં આંતરરાષ્ટ્રીય સિકલસેલ દિવસ નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સભાને સંબોધતા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી મિશન હેઠળ રાજ્ય સરકારની સિદ્ધિઓની પ્રશંસા કરી.અને 2047 પહેલા સિકલ સેલ રોગ નાબૂદ થસે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

## BYTE: PRESIDENT-ON-SICKEL-CELL

કાર્યક્રમ દરમિયાન, રાષ્ટ્રપતિ મુર્મુએ રાષ્ટ્રીય સિકલ સેલ એનિમિયા નાબૂદી મિશન 2047 હેઠળ આયોજિત એક વિશેષ પ્રદર્શનની મુલાકાત લીધી. તેમની મુલાકાતના આગામી તબક્કામાં, રાષ્ટ્રપતિ ઓડિશાના રૈરંગપુર જશે, જ્યાં તેઓ અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

# VICE PRESIDENT C.P. RADHAKRISHNAN

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજથી ત્રણ દિવસની લદ્દાખ મુલાકાતે છે. મુલાકાત દરમિયાન, ઉપરાષ્ટ્રપતિ આવતીકાલે લુકુંગ ગામની મુલાકાત લેશે, જ્યાં તેઓ સ્થાનિક સ્વ-સહાય જૂથો સાથે વાતચીત કરશે. તેઓ વાઇબ્રન્ટ વિલેજ કાર્યક્રમ હેઠળ સરહદી વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ પ્રોજેક્ટ્સની પણ સમીક્ષા કરશે. બાદમાં, યુદ્ધ સ્મારક પર શ્રદ્ધાંજલિ આપશે.

શ્રી રાધાકૃષ્ણન 21 જૂને લેહમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવણીમાં ભાગ લેશે. યુવાનો, સશસ્ત્ર દળોના કર્મચારીઓ અને વિવિધ સંગઠનોના સભ્યો યોગ દ્વારા સર્વાંગી સ્વાસ્થ્ય અને સુખાકારીના સંદેશને પ્રોત્સાહન આપવા માટેના યોગ દિવસ કાર્યક્રમમાં ભાગ લેશે

# PM-OM-BIRLA-RAHUL-GANDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને તેમના જન્મદિવસ પર અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવી છે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ શ્રી ગાંધીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે

# UNHRC

જમ્મુ અને કાશ્મીર અંગે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના 62મા સત્રમાં પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા આરોપોને ભારતે નકારી કાઢ્યા અને કહ્યું કે, જમ્મુ અને કાશ્મીર "ભારતનું અભિન્ન અને અવિભાજ્ય અંગ  છે અને હંમેશા રહેશે."

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશનના પ્રથમ સચિવ અનુપમા સિંઘે યુએન માનવાધિકાર પરિષદના 62મા સત્રમાં પાકિસ્તાન પર ઘરેલું પડકારોથી ધ્યાન હટાવવા અને આતંકવાદને સતત સમર્થન આપવા માટે પ્રચારનો ઉપયોગ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે, પાકિસ્તાન pokમાં થઈ રહેલી ઘટનાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જ્યાં તાજેતરમાં વિરોધ અને અશાંતિ વધી છે.

ભારતે આ પરિષદમાં પાકિસ્તાનની આકરી ટીકા કરતાં સિંધુ જળ સંધિને જૂની અને વર્તમાન પરિસ્થિતિઓ સાથે અસંગત ગણાવી છે. આ કરારને વર્તમાન પરિસ્થિતિઓથી વિપરીત ગણાવતા, ભારતે જણાવ્યું કે, જે દેશ આતંકવાદને પ્રોત્સાહન આપે તે સદભાવના અને મિત્રતાના આધારે સહયોગથી લાભ મેળવવાની અપેક્ષા રાખી શકે નહીં.

સુશ્રી સિંહે, ભારત સામેના પાકિસ્તાનના આરોપોને ફગાવતા આંતરરાષ્ટ્રીય મંચ પર દ્વિપક્ષીય મુદ્દાઓ વારંવાર ઉઠાવવાના પાકિસ્તાનના પ્રયાસોની ટીકા કરી.

# JITENDRA SINGH - EXPRESS CORRIDOR

જમ્મુ અને કાશ્મીરનો કઠુઆ જિલ્લો ટૂંક સમયમાં દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવે કોરિડોર સાથે જોડાશે.

કઠુઆમાં એક જાહેર સભાને સંબોધતા રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે આ જાહેરાત કરતાં કહ્યું કે, રહેવાસીઓ અને ઉદ્યોગોને સ્વચ્છ ઉર્જા પૂરી પાડવા માટે ગેસ પાઇપલાઇન પ્રોજેક્ટ પણ શરૂ કરવામાં આવશે. તેમણે શાહપુર કાંડી પ્રોજેક્ટ, ઉઝ બહુહેતુક પ્રોજેક્ટ અને દિલ્હી-અમૃતસર-કટરા એક્સપ્રેસવે સહિત અનેક મોટા પ્રોજેક્ટનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, શાહપુર કાંડી પ્રોજેક્ટ લગભગ પૂર્ણ થઈ ગયો છે. આ પ્રોજેક્ટ આ પ્રદેશના લોકોની દાયકાઓ જૂની આકાંક્ષા પૂર્ણ કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# TANKER - LNG DISHA

ભારતનું LNG ટેન્કર દિશા હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થયા બાદ ગુજરાતના દહેજ બંદરે સફળતાપૂર્વક પહોંચી ગયું છે. મધ્ય પૂર્વમાં થયેલા સંઘર્ષ અને ત્યારબાદ જાહેર થયેલા યુએસ-ઈરાન સમજૂતી પછી હોર્મુઝ માર્ગ પાર કરનાર આ પ્રથમ ભારતીય LNG જહાજોમાંનું એક માનવામાં આવે છે.

તેકતારના રાસ લાફાન ટર્મિનલથી 62 હજાર 370 મેટ્રિક ટન લિક્વિફાઇડ નેચરલ ગેસનું વહન કરી રહ્યું છે. આ જહાજે 15 જૂનના રોજ હોર્મુઝની ખાડી સફળતાપૂર્વક પાર કરી હતી. આ કાર્ગો સમગ્ર દેશમાં LNG ઉપલબ્ધતાને મજબૂત બનાવશે અને પશ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે સ્થિર ઊર્જા પુરવઠો સુનિશ્ચિત કરશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ભરૂચ જિલ્લામાં સ્થિત દહેજ, ભારતનું સૌથી મોટું LNG આયાત ટર્મિનલ છે અને દેશના કુદરતી ગેસ વિતરણ નેટવર્કમાં એક મુખ્ય કેન્દ્ર છે.

# BHUPENDRA YADAV GNR

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, કેન્દ્ર સરકાર ગુજરાતમાં ચિત્તાના વસવાટ અંગે વિચાર કરી રહી છે. પ્રોટોકોલ અને નિયમો મુજબ આ અંગે નિર્ણય લેવાશે. ગુજરાતનાં ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી યાદવે રાજ્યમાં સિંહોના મૃત્યુ અંગે પણ ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું, આ બાબતે કેન્દ્રીય વન વિભાગ નજર રાખી રહી છે. સિંહોના સંવર્ધન માટે કેન્દ્ર સરકાર સંપૂર્ણ પ્રયાસરત્ હોવાનું પણ તેમણે ઉમેર્યું.

(BYTE: BHUPENDRA YADAV, UNION FOREST AND ENVIRONMENT MINISTER)

ઉપરાંત શ્રી યાદવે ગાંધીનગરમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ - G.I.D.C. ખાતે ઉદ્યોગકારો સાથે સંવાદ કર્યો. તેમજ તેમના દ્વારા તૈયાર કરાતા વિવિધ ઉપકરણોને પણ નિહાળ્યા હતા. અગાઉ શ્રી યાદવે ગાંધીનગરમાં પેથાપુર તળાવ ખાતે વૃક્ષારોપણ કર્યું હતું.

# NTA-NEET-UG-EXAM

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ રવિવારે યોજાનારી NEET-UG પુનઃપરીક્ષામાં બેસનારા ઉમેદવારો માટે એક સત્તાવાર WHATSAPP ચેનલ શરૂ કરી છે.

NTAએ સ્પષ્ટ કર્યું કે, બધા સત્તાવાર WHATSAPP સંદેશાઓ ફક્ત તેના ચકાસાયેલ નંબર - 91-78-27-98-02-87 દ્વારા મોકલવામાં આવશે. એજન્સીએ ઉમેદવારોને NTA તરફથી આવતા કોઈપણ સંદેશાઓ પર વિશ્વાસ કરતા પહેલા વાદળી ચકાસણી ચિહ્ન અને "નેશનલ ટેસ્ટિંગ એજન્સી" નામ તપાસવાની સલાહ આપી છે.

NTAએ એ પણ સ્પષ્ટ કર્યું કે, જે ઉમેદવારોએ 21 જૂનની પુનઃપરીક્ષા માટે પહેલાથી જ તેમના પ્રવેશ કાર્ડ ડાઉનલોડ કરી લીધા છે, તેમને ફરીથી ડાઉનલોડ કરવાની જરૂર નથી.

એજન્સીએ વધુમાં જણાવ્યું કે, 3 મેની પરીક્ષા માટે જારી કરાયેલ પ્રવેશ કાર્ડ પુનઃપરીક્ષા માટે માન્ય રહેશે નહીં, કારણ કે ઘણા ઉમેદવારોને તેમના પસંદગીના શહેરોમાં નવા કેન્દ્રો ફાળવવામાં આવ્યા છે.

# TELEGRAM BAN: HIGHT COURT VERDICT

દિલ્હી વડી અદાલતે સોશિયલ મીડિયા મેસેજિંગ પ્લેટફોર્મ - ટેલિગ્રામ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો છે, જેમાં 21 જૂને યોજાનારી NEET-UG પુનઃપરીક્ષા પહેલા તેની સેવાઓને અસ્થાયી રૂપે સ્થગિત કરવાના સરકારના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. અદાલતે પ્રશ્ન કર્યો હતો કે, ઉમેદવારો દ્વારા પ્લેટફોર્મનો દુરુપયોગ થવાની સંભાવનાને કારણે આશરે 15 કરોડ વપરાશકર્તાઓના અધિકારોને કેવી રીતે સીમિત કરી શકાય.

કેન્દ્ર સરકારે દલીલ કરી કે, ટેલિગ્રામની બોટ જેવી પ્રકૃતિ અને ક્લાઉડ-આધારિત કામગીરી મોટા પાયે લીક થયેલી સામગ્રીનો પ્રસાર કરવાની ક્ષમતા ધરાવે છે, જેના કારણે દુરુપયોગ થવાની સંભાવના છે. કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે, ટેલિગ્રામની સુવિધાઓ કાયદા અમલીકરણ એજન્સીઓ માટે નોંધપાત્ર પડકારો ઉભા કરે છે.

# FIFA WORLD CUP

ફિફા વિશ્વ કપમાં આજે મેક્સિકોએ દક્ષિણ કોરિયાને 1-0થી હરાવ્યું, અને આ સાથે નોકઆઉટ રાઉન્ડમાં પહોંચનાર મેક્સિકો પ્રથમ દેશ બન્યો છે.

# VAISHNAW-BIHAR-VISIT

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે બિહારના એક દિવસના પ્રવાસે છે. શ્રી વૈષ્ણવ પટણા અને છાપરામાં આયોજિત કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ પટણામાં સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક ઓફ ઈન્ડિયાની મુલાકાત લેશે. શ્રી વૈષ્ણવ છાપરા રેલ્વે સ્ટેશનથી છાપરા-દિલ્હી એક્સપ્રેસને લીલી ઝંડી આપશે.

આ પ્રસંગે, તેઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા માઉ-દિલ્હી એક્સપ્રેસ અને વારાણસી સુધી લંબાયેલી દોહરીઘાટ-ઔનરીહાર ટ્રેન સેવાનું પણ ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી પણ હાજર રહેશે. શ્રી વૈષ્ણવ મારહોરામાં રેલ એન્જિન ફેક્ટરીની પણ મુલાકાત લેશે.